ગાંધીનગર સમાચાર
તા. ૧૨-૭-૨૦૧૫, રવિવાર

તંત્રી સ્થાનેથી....

ફીકો છતાં વ્યૂહાત્મક દૃષ્ટિએ સફળ પ્રવાસ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મધ્ય એશિયાના મુસ્લિમ બહુલ દેશોની મુલાકાત જરા જુદા સંદર્ભે મહત્ત્વની ગણી શકાય એવી છે. આ દેશો આર્થિક દૃષ્ટિએ સાધારણ હોવા છતાં કુદરતી સંશાધનોથી સમૃદ્ધ છે. ભારત જેવા વિશ્વના બીજા નંબરની વસતી ધરાવતા રાષ્ટ્ર માટે પેટ્રોલિયમ પેદાશો અને ગેસ જેવી રોજિંદી જરૂરિયાતોની વસ્તુઓ મેળવવા માટે નજીકના એશિયાઇ દેશો સાથે સંબંધ વિકસાવવો ફાયદાકારક છે. છેક ૧૯૫૫માં પહેલા વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ આ દેશોની મુલાકાત લીધી તે પછી ભારતના કોઇ વડાપ્રધાને એમની સાથે નજર કરવાની તસદી નહોતી લીધી. મોદીએ એ મહેણું ભાગ્યું છે. આ દેશો ચીનના પાડોશી હોઇ ત્યાં ચીનનો પ્રભાવ વધે તે સ્વાભાવિક છે. ભારત માટે આ દેશો સાથે એશિયાની ઊભરતી મહાસત્તા તરીકે ચીનની લગોલગ સંબંધો વિકસાવવા વ્યૂહાત્મક જરૂરિયાત ગણાય. મોદી એ દેશોની મુલાકાત લઇને દેશ માટે યુરેનિયમનો મોટો જથ્થો મેળવવામાં પણ સફળ થયા છે. યુરેનિયમ અણુ બોમ્બ બનાવવા માટે અનિવાર્ય ધાતુ છે. 'બ્રિક્સ' સંમેલનમાં ઉફા ખાતે મોદી રશિયાના સર્વોચ્ચ નેતા પુતિન અને ચીનના પ્રમુખ જિનપિંગને પણ મળ્યા. બ્રિક્સ એ પાંચ દેશો - બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાનો સમુદાય છે, જેમાં ભારત કેન્દ્ર સ્થાને છે. મોદીએ આ યાત્રા દરમિયાન ભારતને શાંઘાઇ કો-ઓપરેશન ઓર્ગેનાઇઝેશનનું સભ્ય પદ મેળવી આપવામાં પણ સફળતા મેળવી છે. ભારતની વ્યાપારિક કૂટનીતિની દૃષ્ટિએ આ જરુરી પણ હતું. પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ સાથેની મોદીની મુલાકાત ચર્ચાસ્પદ બની છે. આગામી વર્ષે પાકિસ્તાનમાં યોજાનાર સાર્ક (દક્ષેશ) રાષ્ટ્રોની શિખર પરિષદમાં હાજરી આપવાનું નિમંત્રણ મોદીએ સ્વીકારી લીધું છે. આતંકવાદ સહિતના કેટલાક મુદ્દે બેઉ નેતાઓ વચ્ચે ચર્ચા પણ થઇ છે, પરંતુ કાશ્મીર મુદ્દે બેઉ મૌન રહ્યાં છે. મોદીના અત્યાર સુધીના વિદેશ પ્રવાસોમાં આ લાંબો પ્રવાસ ફીક્કો રહેવા પામ્યો છે. અમેરિકા, જાપાન કે ચીનમાં તેઓએ જેવી ધાક અને હાક જમાવી હતી, તેવું કંઇ જ મધ્ય એશિયાની અને રશિયાની મુલાકાતમાં કરી શક્યા નથી. મીડિયાએ પણ 'વ્યાપમ' કૌભાંડની જ ચર્ચા ચલાવ્યે રાખી છે અને મોદી કદાચ એ દૃષ્ટિએ એમના વિશિષ્ટ મીડિયા માર્કેટિંગમાં પહેલી જ વાર નિષ્ફળ ગયા છે. ઘર આંગણે અનેક સમસ્યાઓથી ઘેરાયેલા નરેન્દ્ર મોદીનો આ સ્ટ્રેટેજિક પ્રવાસ ડિપ્લોમેટિક સંદર્ભે સફળ રહ્યો છે, પરંતુ એ ટોળાંને આકર્ષી શક્યા નથી. જો કે ભારતની બહાર રહીને પણ બિહાર વિધાન પરિષદની ચૂંટણીમાં તેઓ ભાજપની વધુ બેઠકો મેળવી શક્યા છે, તે દર્શાવે છે કે પ્રજામાં હજી મોદી મેજિક ઓસર્યું નથી. વિધાન પરિષદમાં અલબત્ત પ્રજાની સીધી ભાગીદારી નથી હોતી, પરંતુ લાલુ-નીતીશ અને કોંગ્રેસ સાથે મળીને પણ કુલ ૨૫ બેઠકોમાંથી ૧૦ જ મેળવી શક્યા છે. જ્યારે ભાજપને સહયોગીઓ સાથે ૧૩ બેઠકો પ્રાપ્ત થઇ છે. મોદીને ઓછા આંકવાની ભૂલ લાલુ-નીતીશને ભારી પડી શકે એમ છે.

'સિદ્ધિ' એને જઇ વરે જે 'સંઘર્ષો'થી નહાઇ...!!!

'નહિ નહિ, તમે શારીરિક રીતે સક્ષમ નથી, ખોડખાંપણને લીધે તમને અમે પોસ્ટીંગ આપી નહિ શકીએ... તમારાથી કોઈ કામ થઈ શકે એમ છે નહિ... વિ આર સોરી ' ૨૦૧૦મા લાયક હોવા છતાં અને ભારત સરકારની ટોચની પરીક્ષા પાસ કર્યા છતાં એને આ શબ્દો સાંભળવા પડેલા.... પણ કહે છે ને કે શારીરિક રીતે ખામી ધરાવનારાઓનું મનોબળ બીજા કરતા અનેક ગણું મજબુત હોય છે, એમનામાં ફાઈટ બેક કરવાની ક્ષમતા ઈશ્વરે બીજાથી વધુ આપીને પલ્લું સમતલ કરેલું જ હોય છે. આણે પણ હારનાં માની, ટ્રીબ્યુનલમાં ફરિયાદ કરી અને અંતે ચાર વર્ષ પછી એને ન્યાય મળ્યો. પણ આ ન્યાયથી એના દિમાગમાં બીજું ખુન્નસ ભરાયું, ખુન્નસ એ બતાવી દેવાનું કે મને આ જોબ સહાનુભુતિ કે વિકલાંગતાને લીધે નથી મળી પણ મારી આવડતને લીધે મળી છે... સાલ ૨૦૧૫... એ જ વ્યક્તિએ પાસ કરી ભારતની સર્વોચ્ચ પરીક્ષા આઈ.એ.એસ.!!! ખાલી પાસ જ નથી કરી પણ એ સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમાંકે આવી પણ ખરી. વાત છે ૨૦૧૫ની આઈ.એ.એસ. ટોપર ઈરા સિંઘલની...! વાત છે વિપરીત પરિસ્થિતિઓમાં લડાતી લડાઈની....!! વાત છે વિપરીત પરિસ્થિતિઓ પર મક્કમ મનોબળ અને અથાગ પરિશ્રમના વિજયની..! વાત છે નિષ્ફળતાથી સફળતાની સફરની..!! વાત છે સંઘર્ષની....!! વાત છે નિષ્ફળતા, અગવડતા કે સંઘર્ષના પહાડો પર ચડાઈ કરીને સફળ થવાની...!!

વાત ખાલી ઈરાની નથી, આવા તો અનેક દાખલાઓ મોજુદ છે અગવડતાઓ વચ્ચે પણ સફળ થવાના. કહે છે ને કે સફળ એ જ થઈ શકે જે નિષ્ફળતામાંથી કશુક શીખી શકે. સફળ થવાનું પહેલું પગથીયું જ નિષ્ફળતા છે. ઘણા બધાની લાઈફ સ્ટોરીના મકાનોના પાયા એક કે અનેક પછડાટો, નિષ્ફળતાઓના મજબુત પથ્થરોથી રચાયા હોય છે. સફળતા તાસક પર નથી મળતી. એના માટે સંઘર્ષ કરવો પડે છે. દરેક વખતે પરિસ્થિતિઓ તમારી તરફેણમાં નથી હોતી, ઈનફેક્ટ લગભગ તો સામા પૂરે જ તરવાનું હોય છે પણ એ સામાપુરે તરીને જે કાંઠે પહોચે એ જ સફળ ગણાય. આપણા પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ આઝાદ બચપણમાં છાપાઓ વહેચવા જેવા કામો કરતા પણ જીગરમાં કૈક બનવાનો થનગનાટ એમણે જાળવી રાખેલો જે અંતે દેશના સન્માનીય અને ટોચના વૈજ્ઞાનિક બનીને પૂર્ણ કર્યો. આજે ફરારી અને બીએમડબ્લ્યુમાં ફરતો સચિન તેન્ડુલકર એક સમયે ચાર ચાર બસો કે ટ્રેનો બદલીને પણ ક્રિકેટના કોચિંગમાં જતો. એક સમયે ફીનીશ્ડનું લેબલ જેના પર લગાવી દીધેલું એ બોલીવુડના સુપરસ્ટાર બચ્ચને ધીરજ, મહેનત અને નિષ્ફળતાના લેશનોને નજરમાં રાખીને પાછું પોતાનું નામ લહેરાવ્યું. દરેક કિસ્સાઓમાં પરિસ્થિતિ વિપરીત હતી, મુશ્કેલીઓ અનેક હતી ક્યાંક નાણાકીય તો ક્યાંક સગવડતાઓની કમી પણ... પણ જુસ્સો અકબંધ હતો !!

અસલમાં જયારથી તમે નક્કી કરો કે મારે સફળ થવું છે ત્યારથી જ નિષ્ફળતાનો સામનો કરવાની ટેવ પાડવી પડે. અંગ્રેજીમાં એક કહેવત છે ' સ્ટ્રગલ એન્ડ શાઈન ' રોનાલ્ડ રેગન તો એકટર હતા. એમણે પહેલી વાર ગવર્નર માટે ઉમેદવારી નોંધાવી તો લોકોએ ખુબ મજાક ઉડાવેલી. બે વાર ગવર્નર બન્યા પછી રાષ્ટ્રપતિની ચુંટણી લડવા એમને પાર્ટીએ ઉમેદવાર જ ના બનાવ્યા. કોશિશ ચાલુ રાખી અને અંતે બીજા પ્રયત્ને બહુમતીથી રાષ્ટ્રપતિ પણ બન્યા. થોમસ આલ્વા એડીશને બલ્બની શોધ કરતા પહેલા ઓછામાં ઓછા ૧૦૦૦ નિષ્ફળ બલ્બો બનાવેલા તબ જાં કે એક ઝગમગતા બલ્બ બના થા..!! ભારતીય ક્રિકેટ ટીમના આધારભૂત બોલર ભુવ્નેશકુમાર પાસે તો એ જયારે અન્ડર૧૭ની ટીમમાં સિલેક્ટ થયો ત્યારે પહેરવા માટે સારા ક્રિકેટ શુઝ પણ નહોતા. સો વ્હોટ? જૂતા નહોતા પણ મહત્વાકાંક્ષા તો ભારોભાર હતી જ. અત્યારના જાણીતા અભિનેતા નાવાઝુદ્દીન સિદ્દીકી એ તો સંઘર્ષના દિવસોમાં વોચમેનની નોકરી પણ કરેલી તો વિવાદોમાં રહેતી સ્મૃતિ ઈરાની મેકડોનાલ્ડના રેસ્ટોરાંમાં વેઈટ્રેસ હતી. અડચણો અનેક હતી પણ મુશ્કેલીઓ સામે લડવાની ઈચ્છાશક્તિ હતી તો પછી સફળતાએ કદમ ચૂમવા જ પડ ને...!!

કહેવાય છે ને કે નિષ્ફળતાના બહાનાઓ અનેક આપી શકશો પણ સફળ થવાની એક ચાવી શોધતા દમ નીકળી જશે. આપણે નિષ્ફળ જઈએ તો પૈસાની કમી, ખરાબ પરીશ્થીતી, ઓળખાણ નહોતી કે પછી કાઈ નહિ તો અંતે નસીબ નો સાથ નહોતો યાર એમ કહીને મન વાળી લેતા હોઈએ છીએ પણ આવા અનેક સફળ લોકો વિફળતાઓ કે સાધનોની કમી વચ્ચે પણ સફળ થયા છે, થઈ રહ્યા છે. ટોપર ઈરા તો ઓલરેડી સરકારી નોકરીમાં ઉચ્ચ હોદ્દા પર છે એને ક્યાં કશું સાબિત કરવાની જરૂર હતી? પણ, નાં ચાર વર્ષના સંઘર્ષે એને પ્રેરિત કરી એ સાબિત કરવા કે મારે સહાનુભુતિ નહિ પણ મારી નોંધ લેવાય એવું કૈક કરવું છે. ભલે કદાચ એની પાસે પૈસા કે સગવડોની કમી નહોતી પણ શારીરિક અગવડતાઓ તો હતી જ ને? સચિન, રેગન, નવાઝુદ્દીન કે ભુવનેશ જેવા તો જાણીતા ચહેરાઓ છે જેમણે વિપરીત સ્થિતિઓમાં પણ સફળ થવાની નેમ નહોતી છોડી પણ આવો

રઝળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

થોડા એવા ઓછા જાણીતા ચહેરાઓની પણ વાત કરીએ કે જેઓ સામે પૂરે તરીને કાંઠે પહોચ્યા છે.

બેનો ઝેફીન ભારતીય વિદેશ સેવામાં ઓફિસર છે અને એ પણ ઈરાની જેમ ૨૦૧૩-૧૪ની યુપીએસસી પાસ છે પણ એનાથી અગત્યનું એ છે કે એ ભારતની સૌ પ્રથમ સાવ જ અંધ મહિલા આઇએસ ઓફિસર છે. જન્મથી અંધ આ બહેન બ્રેઇલ લીપીમાં પૂરું મટીરીયલ ઉપલબ્ધ નાં હોવા છતાં પણ અંગ્રેજીમાં માસ્ટરની ડીગ્રી ધરાવે છે. ફક્ત ૧૪ જ વર્ષની ઉમરે પોતાના લગ્નનો વિરોધ કરનારી રાજસ્થાનની રોશની બૈરવા આજે અનેક મુશ્કેલીઓ અને ખતરનાક દુશ્મનોને પાર કરીને પણ બાળલગ્નો અટકાવવા કાર્યરત છે. જાનના જોખમ વચ્ચે જીવતી રોશની કહે છે કે શરૂઆતી નિષ્ફળતાઓએ મને ક્યારેય વિચલિત નથી કરી, હું હમેશા વિશ્વાશું હતી કે હું આ કરી શકીશ. યાદ છે ને બિહારનો માઉન્ટેન મેન દશરથ માંજી? વચ્ચે આવતા પહાડને લીધે બીમાર પત્નીને સમયસર દવાખાને પહોચાડી ન શકવાનું ભારોભાર દુ:ખ સાથે એણે નિર્ણય કરેલો પહાડમાંથી રસ્તો બનાવવાનો જેથી એની પત્ની મૃત્યુ પામી એવી મુશ્કેલી બીજાને ભોગવવી પડે નહિ. ગામ લોકોએ એને મુર્ખ ગણેલો, પાગલ ગણેલો, કોઈ સાથ આપવા જ તૈયાર નહોતા, પણ દશરથે એકલે હાથે ૨૨ વર્ષ સુધી પહાડને તોડીને ૬૦૦ ફૂટ લાંબો રસ્તો બનાવી નાખેલો જેને લીધે અંતરમાં સીધો ૪૦ કિમીનો ઘટાડો થઈ ગયેલો. દશરથ તો ૨૦૦૭માં જ મૃત્યુ પામ્યો પણ બેનો, રોશની કે દશરથ જેવાની આ વાતો એ વાતનો સંકેત છે કે મુશ્કેલીઓથી ઉપર આવી ને જે દોડી શકે એ સફળ થાય જ..!!

હજુ હમણાં જ રીલીઝ થયેલી એબીસીડી-૨ના દિગ્દર્શક અને પ્રખ્યાત કોરિયોગ્રાફર રેમો ડી સોઝા એ પ્રખ્યાત થતા પહેલા ભૂખ્યા પેટે બાંદ્રા સ્ટેશન પર અનેક દિવસો ગુજારેલા છે. અત્યારે ભલે ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન થઈને ઝીમ્બાબ્વે સીરીઝ માં રમતો હોય પણ રહાણે સંઘર્ષના દિવસોમાં કોચિંગ માં જવા ભારી ભરખમ કીટ ચકીને ચાલીને જતો કેમકે રીક્ષાના પૈસા હતા જ નહિ. મહાત્મા ગાંધીએ પણ રાષ્ટ્રપિતા બનતા સુધીમાં અનેક મુશ્કેલીઓ અને અવગણનાઓનો સામનો કરેલ જ હતો ને... તાજેતરના જ નોબેલ વિજેતાઓ કૈલાશ સત્યાર્થી અને મલાલા યુસુફઝાઈની સફળતાની વાતો વાંચી જ હશે, એ સફળતામાં મહત્તમ ફાળો તો એ બંનેના સંઘર્ષનો જ છે ને? વધારે દુરનાં જવું હોય તો આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો દાખલો નજર સામે જ છે. અનેક મુશ્કેલીઓ છતાં પણ સાવ સામાન્ય પરિસ્થિતિમાંથી દેશના સર્વોચ્ચ સ્થાન સુધી પહોચવાની સિદ્ધિ એ વાતનો સંકેત છે કે ગમે એટલી મુશ્કેલી વચ્ચે પણ જો તમે નિષ્ફળતાઓને પચાવીને આગળ વધી શકશો તો ચોક્કસ સફળ થશો જ. અમેરિકાની ટોચની સ્ટીલ કમ્પનીનો માલીક એન્ડ્રયુ કારનીજ એક રૂમના ઘરમાં અને લગભગ ભૂખ્યા પેટે ઉછરેલો. અમેરીકાની જ જગવિખ્યાત અને અનેક સ્ટોર્સની ચેઈન ધરાવતી વોલમાર્ટનો સેમ્યુલ વોટસન સ્ટ્રગલના દિવસોમાં ગાયને દોહીને દૂધની બોટલ્સ ઘરે ઘરે વહેચતો. ધ ધોની થયા પહેલા મહેન્દ્રસીન્હેં ૩ વર્ષ સુધી ટીકીટ કલેકટરનું કામ પણ કરેલું છે. થલૈયા ધ બોસ રજનીકાંતે સિનેમાના ગોડ બન્યા પહેલા બસમાં ટીકીટો કાપવાની સ્ટ્રગલ ક્યાં નથી કરી? રમતગમત અને બોલીવુડમાં તો સ્ટ્રગલની આવી અનેક કહાનીઓ આપણે વાંચી છે અને એ લોકોની સફળતાની વાતો પણ..!!!

દરેક સફળતા પાછળ અનેક નિષ્ફળતાઓ છુપાયેલી હોય છે પણ સફળ થયેલો ઈન્સાન એને નિષ્ફળતા નહિ પણ સંઘર્ષના નામે ઓળખતો હોત છે અને અસફળ લોકો એને નિષ્ફળતાનું નામ આપે છે. જિંદગી હર કદમ એક નઈ જંગ હૈ... જરૂરી નથી કે દરેક સંઘર્ષ વખતે તમને કોઈને કોઈનો સાથ સહકાર મળતો જ રહે પણ મહત્વનું એ છે કે તમે સંઘર્ષ કરતા જ રહો... સંઘર્ષ ચાલુ રાખો તો ચોક્કસ કોઈ અમિતાભને પ્રકાશ મેહરા, કોઈ સચિનને રમાકાંત આચરેકર, કોઈ રોશની બિરવાને સ્વ્યમસેવી સંસ્થાઓ જેવા સાથ અને તકો મળી એમ તમને પણ મળવાની જ. પણ એવું જરૂરી નથી કે દર વખતે તાત્કાલિક/ઝડપી સફળતા મળે જ એટલે મોટાભાગે નિષ્ફળતા કે એકલા ચાલો રે ના પરિણામો જ દીમાગમાં રાખીને જ સફળતાનો અતિ વિકટ પંથ કાપવાની તૈયારી રાખવી જ પડે. કોઈ પણ સફળ વ્યક્તિને જોયા પછી આપણને પહેલા એ જ વિચાર આવે કે એ જીનીયસ હશે એટલે સફળ હશે પણ મોટાભાગના કિસ્સામાં જીનીયસતાની પાછળ એની અનેક નિષ્ફળતાઓ છુપાયેલી હોય છે અથવા એમ કહો ને કે એ નિષ્ફળતાઓની બદોલત જ એ જીનીયસ થયો હોય છે. કલામથી લઈને ધીરુભાઈ અંબાણી કે નેલ્શન મંડેલાથી લઈને ફ્રેંક રુઝવેલ્ટ સુધી કોઈનું પણ જીવનચરિત્ર વાચી લેવાની છૂટ... શરૂઆતના પાનાઓ પર સંઘર્ષ અને અંતિમ પાનાઓમાં સફળતાની વાત વાચવા મળશે જ. સંઘર્ષ વિના સિદ્ધિ ક્યાં? અને સંઘર્ષ પછીની સિદ્ધિની તોલે દુનિયાનું કોઈ સુખ નાં આવે પણ જરૂરી છે કે સંઘર્ષ જારી રહે... સિદ્ધિ વહેલી પણ મળે ને મોડી પણ મળે....પણ મળે તો ખરી જ !!

વિસામો :

મંજિલ ઉન્હી કો મિલતી હૈ જિનકે સપનોમે જાન હોતી હૈ,
પંખો સે કુછ નહિ હોતા હૌસ્લો સે ઉડાન હોતી હૈ !!

દુષ્કર્મના કેસમાં સમાધાનને મંજુરી નહિ : સુપ્રિમ કોર્ટ

સમાધાનની માન્યતા કોઈ પણ પરિસ્થિતિમાં નારીના સન્માનને અનુરૂપ માની શકાય નહિ

દુષ્કર્મ એ સમાજ વિરૂધ્ધ નોન કમ્પાઉન્ડેબલ અપરાધ છે અને તેમાં સમાધાનને મંજુરી આપવાનો અધિકાર નથી સુપ્રિમ કોર્ટે તાજેતરમાં આપેલા એક ચુકાદામાં આમ જણાવેલ છે. જઘન્ય અપરાધમાં સમાધાનની માન્યતા કોઈપણ પરિસ્થિતિમાં નારીના સન્માનને અનુરૂપ માની શકાય નહિ. સમાધાન કે મધ્યસ્થતિના આધારે કેસ બંધ કરી આરોપીને નિર્દોષ છોડી શકાય નહિ. દુષ્કર્મ બાદ પીડીત યુવતી સાથેના લગ્ન એક સમાધાનની ફોર્મ્યુલા છે અને ચાલાકી પૂર્વક દુષ્કર્મના અપરાધમાંથી બચવાના પ્રયત્ન માત્ર છે આવું સમાધાન કોર્ટ મંજુર રાખી શકે નહિ. દુષ્કર્મ અને જાતીય હુમલો જીવનમાં દુ:ખ પેદા કરે છે અને તેની સાથે જે પીડીતા હોય તેની પ્રતિષ્ઠાને પણ નુકશાન કરે છે અદાલતો દુષ્કર્મના સમાધાનની જાળમાં ફસાઈ ના જાય તે ન્યાયાધીશે ધ્યાનમાં લેવું જોઈએ. પીડીતાને સમાધાન માટે લોભ, લાલચ કે લગ્નના પ્રસ્તાવથી મજબુર ના કરી શકાય દુષ્કર્મી સાથે પીડીતાને લગ્ન કરવા એનાથી વધુ ખરાબ પરિસ્થિતિ પીડીતા માટે હોઈ શકે નહિ. આ જીંદગીભરનું પીડા દાયક કાર્ય છે.

સર્વોચ્ચ અદાલતે મધ્યપ્રદેશના એક દુષ્કર્મના કેસમાં સેશન કોર્ટે આરોપીને દોષીત ઠરાવ્યો હતો આરોપીએ મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં ચુકાદાને ચેલેન્જ કરી અદાલતે તેના ગુન્હાને દુષ્કર્મથી પીડીત મહિલાની ગરીમાનું ઉલ્લઘંન કરવાના ઈરાદામાં બદલી નાંખી સજા પણ ઘટાડી એક વર્ષની કરતા સગીરના વાલીઓએ દુષ્કર્મી સાથે કોઈપણ પ્રકારનું સમાધાન કોર્ટ બહાર કરેલ. કોર્ટના ચુકાદા વિરૂધ્ધ સુપ્રિમ કોર્ટમાં અપીલ થતા સુપ્રિમ કોર્ટે દુષ્કકર્મના કેસને જઘન્ય અપરાધ ગણવામાં આવેલ અને ઠરાવેલ કે કાયદાના નિર્માતાઓ અને અદાલતોએ વારંવાર દુષ્કકર્મની વ્યાખ્યા એ આશાએ બદલી છે કે આ ભયાનક અપરાધને અંજામ આપનાર અપરાધી કોઈપણ રીતે બચી શકે નહિ જેમાં અનેક સંશોધનો કરવામાં આવ્યા છે કેસ ચલાવવાની રીતમાં પરિવર્તન તથા ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચુકાદો આવવો ઈનકેમેરા કેસ ચલાવવો પીડીતાને ભયમુક્ત વાતાવરણ પુરૂ પાડવું વિગેરે.

સુપ્રિમ કોર્ટે જણાવેલ કે હાઈકોર્ટે અપરાધના કારણે પીડીતા દ્વારા જન્મ લેનાર બાળક માટે પીડીતાને ગુન્હેગાર સાથે સમાધાન કરવા જણાવેલ. હાઈકોર્ટના આ ચુકાદાને અનુચિત, ગેરકાયદે અન અનૈતિક જણાવેલ એ બાબતને શંકાને સ્થાન નથી કે દુષ્કર્મ કે તેના પ્રયાસના કિસ્સામાં સમાધાન પર કોઈ પણ પરિસ્થિતિએ વિચાર કરવો જોઈએ તેનાથી પીડીતાનું જીવન પ્રભાવિત થાય છે સાથે સાથે સમાજ અને દેશ પર પણ કલંક લાગવાની સાથે લોકોમાં ખોટો મેસેજ પહોંચે છે અને દુષ્કર્મીને મોકળુ મેદાન મળે છે.

આપણી ન્યાયપ્રણાલીમાં ઝડપી ન્યાય માટે મધ્યસ્થતિની પ્રણાલી પ્રસ્થાપિત કરવામાં આવી છે આ પ્રક્રિયા દરેક અદાલતમાં લાગુ પડે છે ઘણી વખત ન્યાયાલય પણ મીડીએટરની મદદની સલાહ આપે છે મધ્યસ્થતિની એક પેનલ હોય છે જેમાં સીનીયર વકીલ કે પૂર્વ જજ તેના સભ્ય હોય છે જેમાં સુનવણી એક જ સભ્ય કરે છે હક્કિતમાં પ્રચલીત અર્થમાં એ સુનવણી નહી પણ બન્ને પક્ષોની રજુઆત હોય છે મધ્યસ્થતિ બન્ને પક્ષોને વાટાઘાટોમાં રાજી કરી કોઈ ચોક્કસ સમાધાન પર પહોંચવામાં મદદ કરે છે પરંતુ આ મેથડ સીવીલ કોર્ટ અને દિવાની કોર્ટમાં ચાલતા કેસો પૂરતી બરાબર છે ફોજદારી કેસોમાં ત્રણ વર્ષથી ઓછી સજાની જોગવાઈ હોય તેમાં લાગુ પડે છે પરંતુ દુષ્કર્મનો કેસ જઘન્ય અપરાધ ગણાતો હોય આ દાયરામાં આવતો નથી સદર કેસ કલમ ૩૭૬ અંતર્ગત આવે છે જેમાં સાત કે દસ વર્ષની અપરાધીને સજાની જોગવાઈ છે. જઘન્ય અપરાધમાં ગેંગરેપમાં જન્મટીપ સજા પણ ફટકારી શકાય છે.

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

મહિલાઓની ગરીમા અંગે ભારતીય સમાજમાં સંવેદનશીલતાનો અભાવ છે એવી ગેરસમજ હવે દૂર કરવી પડશે. જઘન્ય અપરાધના કેસમાં કે દુષ્કર્મના કેસમાં કોઈપણ ઉદાર વલણથી અપરાધીને માફ કરી શકાય નહિ આવી બાબતમાં પીડીતા સાથેના કોઈપણ સમાધાનને કે વિચારને કાયદાકીય મંજુરી આપી શકાય નહિ. દુષ્કર્મએ સમાજ વિરોધી નોન કમ્પાઉન્ડેબલ અપરાધ છે આથી પણ પીડીતાના પાલકોને પણ એ અધિકાર નથી કે તેઓ દુષ્કર્મી સાથે સમાધાન કરીલે જેણે તેમના સંતાનની ગરીમાનું ઉલ્લઘંન કર્યું હોય.

સમાજમાં દુષ્કર્મના ઘણા અપરાધોમાં ઘણીવાર સમાધાનની ફોર્મ્યુલા રૂપે દુષ્કર્મી જ પીડીતા સાથે લગ્ન કરી લે અને આવું સમાધાન કોર્ટમાં મંજુર કરવામાં આવે છે તેમજ યેનકેન પ્રકારે સાક્ષી, પુરાવા પોતાની તરફેણમાં કરી કેસ રફેદફે કરી નાંખવામાં આવે છે અને આરોપીને ઓછી સજા અથવા તો પુરાવાના અભાવે નિર્દોષ છોડી મુકવામાં આવે છે આવા ચુકાદાથી સમાજમાં નારીની ગરીમાને લાંચ્છન લાગે છે નારીનું ઉચીત સન્માન કોર્ટ દ્વારા થતું નથી અને સમાજમાં ખોટો દાખલો બેસે છે અપરાધીને પ્રોત્સાહન મળે છે તેથી પણ આવા સમાધાન જઘન્ય કેસોમાં અદાલતો દ્વારા માન્ય રાખવામાં આવે નહિ તેવું સુપ્રિમ કોર્ટે ફરમાવતા હવેથી મહિલાઓ પ્રત્યેના જઘન્ય અપરાધના કે દુષ્કર્મના કેસોમાં સમાધાન મંજુર કરવામાં ના આવતા અપરાધીને સજા ફરમાવવામાં આવશે જેથી નારીનું ગૈરવ તથા ગરીમા જળવાઈ રહેશે.

શ્રદ્ધા જ મારી લઇ ગઇ મંઝિલ સુધી મને

સાચી શ્રદ્ધા બતાવવી પડતી નથી.

જે બતાવવી પડે તે શ્રદ્ધા નથી

એક રાજા હતો. તે પોતાના રસાલા સાથે રથમાં બેસી શહેર તરફ જતો હતો. રસ્તામાં એક મજૂર માથે પોટલી મૂકીને જઇ રહ્યો હતો, તે પોટલીના વજનને કારણે હાંફી રહ્યો હતો. તેને જોઇ રાજાને દયા આવી. રાજાએ કહ્યું, 'તું મારા રથમાં બેસી જા, હું તને તારા ઠેકાણે ઉતારી દઇશ.' પેલો મજૂર સંકોચાતો રાજાના રથમાં બેઠો, પરંતુ તેણે માથા પરથી પોટલી નીચે મૂકી નહીં. ત્યારા રાજાએ કહ્યું, 'ભાઇ, તમે માથા ઉપરની પોટલી નીચે મૂકો અને હળવા થાવ.' પોટલીનો ભાર ખોટો માથા પર શા માટે રાખો છો?' ત્યારે મજૂરે કહ્યું, 'રાજન, મારો ભાર તો તમારા રથ ઉપર છે, શા માટે વધારે ભાર તમારા રથને આપવો? મારા માથા પર પોટલી ભલે રહી.'

મનુષ્ય કંઇક અંશે આમ જ કરતો હોય છે. જગતને ભગવાનનું ઘર કહીને અને ઇશાવાસ્યમ બોલીને ઇશ્વરના આવાસમાં બેઠા છીએ એમ કહીએ છીએ ખરા પરંતુ પેલી વજનની પોટલી એટલે કે ચિંતાની પોટલી પાછી માથે જ રાખીએ છીએ. જીવન ભલે ભગવાનને ભરોસે મૂકીએ પણ ચિંતાનો ભાર તો આપણા માથે જ રાખીએ છીએ. આ શ્રદ્ધા એ પોકળ છે. કવિએ ગાયું છે, 'ચિત્ત તું શીદને ચિંતા કરે.' સો ટકા સમર્પણની વાત કરીએ ખરાં પરંતુ અમલમાં શૂન્ય. 'હું સંપૂર્ણ સમર્પિત છું.' આ વાક્ય બોલવું અને તે પ્રમાણે વર્તવું બંનેમાં તફાત પડે ત્યારે સમર્પણનો અર્થ બદલાઇ જતો હોય છે.

અદબ પલાઠી મોં પર આંગળી

- ડૉ. સંતોષ દેવકર

ફિલ્મી શાયરે સમર્પણની ભાવના વ્યક્ત કરતી એક સુંદર પંક્તિ નાયકના મુખે મુકી છે.

જો તુમકો હો પસંદ વહી બાત કહેંગે
તુમ દિન કો અગર રાત કહો રાત કહેંગે!!

ભગવદ ચરણમાં ચિંતાની પોટલી સોંપી દેવા એ ભગવાન ઉપરની સાચી શ્રદ્ધા. આવી પાકી શ્રદ્ધા ધરાવનારાઓના મુખે ઉદગાર નીકળે કે - 'મારો શામળયો મામેરું કરશે.' અને પછી આજ શામળિયો મીરાના ઝેરના કટોરાને અમૃત બનાવી દે છે!

શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરુર?
કુરાનમાં તો ક્યાંક પયગંબરની સહી નથી

શ્રદ્ધા વગરનો મનુષ્ય હોઇ શકે? જેને પોતાની જાતમાં શ્રદ્ધા નથી તે બીજાની સાથે કેવી રીતે રહી શકે? શ્રદ્ધા વગર તો સફળતા પણ દૂર જ ભાગતી હોય. આવતી કાલના, મહિનાના ને વર્ષના વાયદા આપણે કરીએ છીએ. તે આપણે જીવવાના છીએ તેની સાબિતી છે અને આવતીકાલે જીવીશું જ તેવી શ્રદ્ધા છે. શ્રદ્ધા વગરનું જીવન સંભવી શકે નહિ. શ્રદ્ધા, અંધશ્રદ્ધા અને અશ્રદ્ધા આપણા જીવનમાં ટર્નીંગ પોઇન્ટ લાવતી હોય છે. માણસ શ્રદ્ધા વગર તરી શકતો નથી ને અંધશ્રદ્ધા વગર ડૂબી શકતો નથી. શ્રદ્ધા આત્મબળ પૂરું પાડે છે. આત્મબળથી આત્મવિશ્વાસ અને આત્મવિશ્વાસથી દૃઢતાને ધીરજને પછી સફળતાના પગથિયાં દેખાતાં હોય છે.

વિશ્વમાં એક જ જાતિ છે તે માનવતા
વિશ્વમાં એક જ ધર્મ છે તે પ્રેમધર્મ

વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના, માનવતા, સત્ય, ઉદારતા, ધ્યાન, આત્મસાક્ષાત્કાર, વિશ્વપ્રેમ, વગેરેના પાયામાં શ્રદ્ધા રહેલી છે. શ્રદ્ધાવાન આ બધી જ બાબતો ખૂબ જ સરળતાથી આત્મસાત કરી શકે છે.

શ્રદ્ધા જ મારી લઇ ગઇ મંઝિલ સુધી મને,
રસ્તો ભૂલી ગયો તો દિશાઓ ફરી ગઇ

મનુષ્યની શ્રદ્ધા એટલી પ્રબળ હતી કે મંઝિલ સુધી જતાં જતાં રસ્તો ભૂલી જવાયું. રસ્તો ભૂલી ગયેલ વ્યક્તિ ભટકી પડે છે. પરંત અહીં હૃદયમાં ભારોભાર શ્રદ્ધા રાખીને બેઠેલા વ્યક્તિ માટે દિશાઓ પણ સાથ આપે છે.

**કોઇ પણ સફળ વ્યક્તિ શ્રદ્ધાથી ભરપૂર હોય છે. શ્રદ્ધાવાન હંમેશા હકારાત્મક વિચારોની પુષ્ટી કરે છે. પોઝીટીવ આઉટલૂક ધરાવનારા હંમેશા વિશ્વની સારી અને સુંદર બાબતો ગ્રહણ કરતાં હોય છે. જે જે સારી બાબતો છે તે તમામને ગ્રહી લેવી અને તેને પોતાના જીવનનાં પગથિયાં તરીકે લઇ મંઝિલ સુધી પહોંચાડવાની ને